**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**સોમવાર, તા. ૧લી માર્ચ, ૨૦૨૧**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

નામદાર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.
(રાજયપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ ગૃહની બેઠક મળી)

માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે બપોરના ૧.૪૦ વાગ્યે સભાગૃહની બેઠક મળી.
(સભાગૃહની બેઠકની શરૂઆત ‘‘વંદેમાતરમ્’’ સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)

**૧. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી આત્મારામ મો.પરમારે સભ્યશ્રી ઋષિકેશ પટેલના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

**૩. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.શ્રી માધવસિંહ ફૂલસિંહ સોલંકી અને સ્વ.શ્રી કેશુભાઈ સવદાસ પટેલ તથા ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી સુંદરસિંહ ભલાભાઇ ચૌહાણ, સ્વ.શ્રી બાબરભાઇ અંબાલાલ તડવી, સ્વ.શ્રી રજનીકાન્ત પરભુભાઇ રજવાડી અને સ્વ. શ્રી રોહિતભાઇ જશાભાઇ પટેલ તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ. શ્રી દિનકરભાઇ ભીખુભાઇ દેસાઇ, સ્વ. શ્રીમતી ચંદ્રાબેન સુરેશકુમાર શ્રીમાળી, સ્વ. શ્રી ધારશીભાઇ લાખાભાઇ ખાનપુરા, સ્વ. શ્રી જોધાજી ગુલાબજી ઠાકોર, સ્વ. શ્રી નરેશકુમાર મીઠાલાલ કનોડિયા, સ્વ. શ્રી મેઘજીભાઇ ડાયાભાઇ કણઝારીયા, સ્વ. શ્રી ભુપેન્દ્રસિંહ વેચાતભાઇ ખાંટ તથા કોરોના–૧૯થી અવસાન પામેલ પ્રજાજનો અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યશ્રી અમિત ચાવડા, સભ્યશ્રી બ્રિજેશ મેરજા અને મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

**(વિરામ બપોરના ૩.૩૦થી ૪.૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી નરેશભાઇ પટેલ, શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રીમતી ગેનીબેન ઠાકોર, શ્રી હિતુ કનોડિયા, શ્રી નૌશાદ સોલંકી, શ્રી લાખાભાઇ ભરવાડ, શ્રી પિયુષભાઇ દેસાઇ અને શ્રી અભેસિંહ તડવીએ શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

**૪. અધ્યક્ષશ્રીનો આદેશ**

**રેકોર્ડીંગ રૂમમાં કર્મચારી દ્વારા મોબાઇલમાં રેકોર્ડીંગ કરવા બાબત.**

માન. મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ રેકોર્ડીંગ રૂમમાં એક વ્યક્તિ મોબાઇલમાં સભાગૃહનું રેકોર્ડીંગ કરી રહેલ છે. તે બાબતે માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે જરૂરી કાર્યવાહી કરવા સાર્જન્ટને આદેશ આપ્યો.

**૫. શોકદર્શક ઉલ્લેખો(ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી કિર્તીસિંહ વાઘેલા, શ્રી રાઘવજી પટેલ, શ્રી મોહનભાઇ ઢોડિયા અને શ્રી કાંતિભાઇ સોઢા પરમારે શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખોમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

**૬. અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ ફૂલસિંહ સોલંકી તથા સ્વ. શ્રી કેશુભાઇ સવદાસ પટેલના પરિવારજનોને તેમના ફોટા સાથેની જીવન ઝરમર દર્શાવતી ગોલ્ડ પ્લેટેડ ફોટો ફ્રેમ વિધાનસભા દ્વારા આપવામાં આવશે તેવી જાહેરાત કરી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૭. ગોલ્ડ પ્લેટેડ ફોટો ફ્રેમની અર્પણ વિધિ**

માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલની ગોલ્ડ પ્લેટેડ ફોટો ફ્રેમ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને માનનીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીની ગોલ્ડ પ્લેટેડ ફોટો ફ્રેમ વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી તથા વિપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલને સ્વર્ગસ્થોના પરિવારજનોને પહોંચાડવા માટે અર્પણ કરી.

**૮. બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી માધવસિંહ સોલંકી અને સ્વ. શ્રી કેશુભાઇ પટેલના માનમાં સહાનુભૂતિ અને સંવેદના પ્રગટ કરવા માટે આજની સભાગૃહની કાર્યવાહી મુલતવી રાખવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને વિરોધપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલે સમર્થન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની આજની બેઠક મુલતવી રાખી.

**સભાગૃહ, બુધવાર તા.૩જી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૩ વાગ્યે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા.૧લી માર્ચ, ૨૦૨૧**